
# ારકશ્રીનાં અમોઘ-સૂત્રો



સંપાદક

મુનિશ્રી જયચંદ્ર સાગરજી

आगमोध्द्रारकर्त्तारं शैलाणेश–प्रबोधकम् ।
ध्यानस्थ–स्वर्गतं नौमि, सूरिमानन्द–सागरम् ॥



પૂ. આગમોદ્ધારકશ્રી આ જ અવસ્થામાં
૧૫ દિન રહીને સમાધિ મૃત્યુ વરેલ.

# આગમોદ્ધારકશ્રીનાં અમોઘ-સૂત્રો

સંપાદક

પૂ. આ. શ્રી અશોકસાગરસૂરીશ્વરજી મ.સા.ના
શિષ્યરત્ન
પૂ. મુનિરાજ શ્રી જયચંદ્રસાગરજી મ.સા.

પ્રકાશક
નવકાર શરણં પ્રકાશન
અમદાવાદ

પ્રથમ આવૃતિ
સંવત-૨૦૫૯ શ્રાવણ વદ ૧૨
મૂલ્ય ૨૦/-

**પ્રાપ્તિસ્થાન**

**શ્રી જયેન્દ્રભાઈ એચ. શાહ**
સ્વીટ સાઉન્ડ સેન્ટર,
૨૭૧/૨, મદન ગોપાલ હવેલી રોડ,
ગુસ્સા પારેખની પોળ નજીક,
માણેક ચોક, અમદાવાદ-૧
ફોન નં. ઓ. ૨૧૪૪૬૨૧ રે. ૭૫૦૧૩૧૩

**ક્રિએટીવ પ્રકાશન**
મહાત્મા ગાંધી માર્ગ વેરાવળ-૩૬૨૨૬૫
ફોન: ૨૨૨૬૧૭/૨૪૧૯૬૧/૨૨૩૩૫૬

ટાઈપસેટીંગ પ્રિન્ટીંગ

**પાર્શ્વ ઓફસેટ**
મહાત્મા ગાંધી માર્ગ વેરાવળ-૩૬૨૨૬૫
ફોન: ૨૨૨૬૧૭

## પૂ. ગુરૂદેવ આગમોદ્ધારકશ્રીનું યત્કિંચિત્ વકતવ્ય

શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામીનાં શાસનમાં ૨૫૦૦ વર્ષમાં નહિ બનેલ એવા શ્રી વર્ધમાન જૈન આગમ મંદિર તથા શ્રી વર્ધમાન જૈન તામ્રપત્રાગમ મંદિર બંધાવી શિલોત્કીર્ણ અને તામ્રપત્રા દ્રઢ કરાવીને સ્થાપન કરાવનારા પૂજ્ય ગુરૂદેવનો જન્મ કપડવંજમાં વિક્રમ સંવત ૧૯૩૧માં યમુના માતાની કુક્ષી દ્વારા થયેલ. તે દિવસ અષાઢ વદ અમાસ હતો. પિતાનું નામ શ્રેષ્ઠવર્યશ્રી મગનભાઈ હતું દીક્ષા સં. ૧૯૪૭માં પૂ. ઝવેરસાગરજીનાં હસ્તકે ગ્રહણ કરી તેઓશ્રીની આચાર્યપદવી લીંબડીમાં વિ. સં. ૧૯૭૪ વૈશાખ સુદ ૧૦નાં પૂ. આ. કમલ સૂરીશ્વરજીનાં હસ્તક થયેલ.

પૂજ્યશ્રીએ આગમનો ગહન અભ્યાસ કરીને વિશ્વ સમક્ષ ૪૫ આગમનો પરિચય કરાવ્યો. વિશ્વમાં અદ્વિતીય એવા શ્રી આગમ પુરૂષની રચના કરી. તેઓશ્રીએ આગમ વાચનાઓ પાટણ, કપડવંજ, અમદાવાદ, સુરત, પાલીતાણા, રતલામમાં આપી.

જાણે પોતાનાં પૂ. ગુરૂદેવશ્રી ઝવેરસાગરજી મ. સાનાં અધૂરા કાર્યો પૂર્ણ કરવા તત્પર ન હોય તેમ તેમને મક્ષી, અંતરિક્ષ આદિ તીર્થોનો કેશ લડી શ્વેતાંબર તીર્થ તરીકે સ્થાપી જિનશાસનનો જય જયકાર બોલાવ્યો. તેમનું ચરિત્ર લખવા બેસીએ તો શબ્દો ખૂટી જાય, આયુષ્ય ખૂટી જાય પણ તેઓશ્રીનાં ગુણોનાં વર્ણનનો પાર ન આવે તેમ નથી. તેથી યત્કિંચિત્ બોલ હું વર્ણવું છું. પૂજ્યશ્રીનાં સૂત્રો આગમ એટલે આ પુસ્તક **"આગમોદ્ધારકશ્રીનાં અમોઘ સૂત્રો"**

પૂજ્યશ્રી વિ. સં. ૨૦૦૬નાં વૈશાખ વદ-૫નાં બપોરે ૪-૩૨ મિનિટે (સુરતમાં) પંદર દિવસ સુધી ધ્યાનસ્થ અવસ્થામાં રહી કાલ ધર્મ પામેલ.

પૂ. આગમધર સૂરિનાં અમૃત વાક્યોનું સંકલન દેવગુરૂકૃપાથી થયેલ છે. તેમનાં આ સૂત્રોને મનનાં મંથન કરીને આપણે પણ આગમ પ્રત્યે સવિશેષ આદર ધરાવીએ તેજ શુભ કામના.

આ પ્રસંગે પૂ. ગુરૂદેવશ્રી અશોક સાગરસૂરિ મ. સાનો ઉપકાર ન ભૂલી શકાય તેમને શતશત વંદન.

**રાજકોટ** **પર્યૂષણ મહાપર્વ** **વિ. સંવત ૨૦૫૯**

**લિ. જયચંદ્ર સાગર**

સમસ્ત કુટુંબનો કારભાર ચલાવનાર એવા રાગને વૈરાગ્યરૂપી યંત્રથી, રાગનાં સગાભાઈ દ્વેષને મૈત્રીરૂપી બાણથી, રડતા એવા ક્રોધને ક્ષમારૂપી કરવતથી, ક્રોધનો ભાઈ એવો જે માન જે દ્વેષનો પુત્ર છે તેને કોમળતા રૂપી કરવાલે, માયારૂપી જોગણને સરળતારૂપી દંડ વડે તમો હણો જલ્દી હણો.

આત્માનાં આરંભ-પરિગ્રહ-વિષયાદિનાં પરિણામો ઉપર જીત મેળવનાર શ્રી અરિહંત દેવનું શાસન અને તેની મૂર્તિ છે. તેથી અરિહંત દેવની પૂજા છે. ચારગતિનો ઉચ્છેદ કષાયનો નાશ, કર્મનું ભેદન એ તમામ વીતરાગ પ્રભુની મૂર્તિ કે અરિહંતનાં શાસનનાં આધારે થાય છે. અરિહંતપદની સ્થાપના તથા આરાધના આજ કારણો છે. શ્રી અરિહંત દેવ આથી જ વીશ પદોમાં પ્રથમ પદે છે.

શુદ્ધ અનુષ્ઠાન એટલે - જગતનાં સર્વ ઉત્તમોત્તમ પદાર્થ કરતાં પણ વિશેષ ઉપાદેય બુદ્ધિ પૂર્વક અનાદિકાલીન વિકારી વાસનાઓનાં ઉછાળાને રોકવાનાં ધ્યેય સાથે તુચ્છ પૌદ્ગલિક આશંસાથી રહિત જે ધર્મનું આચરણ તે જ્ઞાનીઓની દૃષ્ટિએ શુદ્ધ અનુષ્ઠાન કહેવાય છે.

જે જે વિચારણા કે આચરણ વડે વૈરાગ્યની ભાવના દૃઢ થાય તે પ્રવૃત્તિમાં મન, વચન, કાયાને જોડવું તે કલ્યાણને ઈચ્છનારનું મુખ્ય કર્તવ્ય છે.

લૌકિક ધર્મો માન-અપમાન વિગેરેમાંથી નીકળીને લોકોત્તર ધર્મ ક્ષમા-નમ્રતા-ઉદારતા વિગેરેનો સ્વીકાર કરવો તે પ્રવ્રજ્યાદીક્ષા.

કોઈ દિવસ વીતરાગનો જન્મ ન થાય, જન્મ્યા પછી વીતરાગ બને. વીતરાગ હોય ને જન્મ થાય એવું બને જ નહિં. કર્મ વગર કોઈનો જન્મ થાય જ નહિં. દરેક જીવને કર્મ અને તેનાં પરિણામરૂપ રાગદ્વેષ હોય જ એટલે વીતરાગનાં શાસન પામ્યા પછી તેની આરાધનાથી રાગ-દ્વેષ દૂર કરી કર્મનાં બંધનો દૂર કરવા મથવું જેથી જન્મ-મરણનાં ફેરા ચાલું ન રહે.

નિગોદનાં દુઃખોનો વિચાર અંતરમાં રાગદ્વેષ ઘટાડવા માટે કરવો. મુગ્ધ લોકો આખી જિંદગી સુધી વસ્તુ સ્વરૂપ ન ઓળખી શકે તો અસત્ય માર્ગ છોડતા નથી, કારણ કે 'તેઓ લોક પ્રવાહમાં ડુબેલા હોય છે ખરેખર ભાગ્ય વિના માણસ તત્વને ઓળખી શકાતો નથી.'

અનાદિ વાસનાનાં યોગથી અશુચિમય વિષયો રૂપી કાદવવાળા ખાડામાં ભૂંડ સમાન મારૂં ચંચળ મન ભટકી રહ્યું છે પણ હે નાથ ! તે ચંચળ મનને અટકાવવા હું સમર્થ નથી, માટે મહેરબાની કરો અને તે મનને દેવાધિદેવ ! આપજ રોકો.

મોક્ષએ મહોલ્લો છે અને ધર્મ એ તો મહોલ્લામાં જવા માટેનું વાહન છે એટલા જ માટે તમારે સમજવાનું છે કે શ્રીમાન તીર્થંકર દેવોને મુખે, ગુરૂદેવોને મુખે શાસ્ત્રો દ્વારા ધર્મની જ વાતો થાય છે, તે બીજા આશયથી નહિં પણ એક મહામહોલ્લામાં પહોંચવા માટે છે જ્યાં તમે મહોલ્લામાં પહોંચી ગયા પછી તમોને એની (ધર્મ વાહનની) જરૂર રહેતી નથી.

કર્મથી જુદું પડવું, કર્મથી રખડવું, કર્મનું વેદવું, કર્મનો ક્ષય કરી અવ્યાબાધપણું મેળવવું, પોતાનાં સ્વરૂપ રહેવું, તે બધું બાહ્ય ઈન્દ્રિયોથી દેખી શકાય તેમ નથી તે બધા દેખવા માટે આગમ-અરીસાની જરૂર છે.

આ ત્યાગમય શ્રી જિનેશ્વરનું
શાસન એજ અર્થ છે
એ પહેલું પગથીયું છે.
એ પરમાર્થ છે.
એવી માન્યતા
એ બીજું પગથીયું છે.
તે સિવાય બધું અનર્થકારીછે.
તે ત્રીજુંપગથીયું છે ત્યાં સમકિત થવાય છે.

પોતાનાં દોષને જોનારા થોડા હોય છે, ઉપકારનો બદલો વાળનારા તો તેથી પણ થોડા હોય છે. સંપૂર્ણ ગુણવાન પણું તો કોક જ પુણ્યાત્માને પ્રાપ્ત થાય છે.

જ્ઞાન જો પોતાનાં સંસ્કાર ન ઉપજાવે, માત્ર શાબ્દિક રહે તો તે જ્ઞાન ભવિષ્યમાં જોખમી બને છે.

સુગતિમાં જનારને અહિંયાં જ ઘણું પાપ વેઠી લેવાનું હોય છે, કેમકે ત્યાં પાપ નથી.

નિસ્પૃહપણું દરેક જગ્યા ઉપર શાંતિ માટે થાય છે.

લેવામાં રાજી સહું પણ દેવામાં રાજી સમ્યગ્દૃષ્ટિ.

વાવેલું અનાજ જેમ ફળ આપે છે તેમ કરેલો ધર્મ પરભવમાં અવશ્ય ફળ આપે છે.

સંજ્ઞી પંચેન્દ્રિય સિવાય નિર્જરાનો સંપૂર્ણ અધિકારી કોઈ નથી.

કર્મને બાંધવામાં ક્યારેક એકલા મનનો પણ ઉપયોગ થઈ શકે પણ નિર્જરા માટેનો ત્રણયોગની વિશુદ્ધ જરૂરી છે.

ગુણોનો આદર રાગ ગુણોની પુષ્ટિ માટે થાય છે. ગુણો જેટલો જ ગુણવાનનો આદર કરવો.

જૈન તે કહેવાય કે જે સર્વથા કર્મોના બંધનમાંથી અળગા થવાને સતત લક્ષ્યમાં રાખે.

સ્વચ્છંદ પ્રવૃત્તિ એ સંસાર વૃદ્ધિનું કારણ છે.

મનનું ચંચળપણું તે સંસારની વૃદ્ધિ માટે થાય છે.
મનની સ્થિરતા તે કર્મક્ષયની વૃદ્ધિ માટે થાય છે.

ઘાતિકર્મના નાશ કરવા માટે તત્પર થયેલા વીરપુરૂષો દુઃખનાં સમુહમાં અચળ-સ્થિર રહે છે.

દરેક પદાર્થોનો સાપેક્ષ વિચાર રાગ દ્વેષની ભૂમિકાને નબળી કરે છે.

દાવાનળની જેમ ધર્મનાં પરિણામ પાપરૂપ લાકડાને બાળી નાખે છે.

શાસનની ઉત્પત્તિ, સ્થિતિ અને આબાદી સાધુઓ પર નિર્ભર રહે છે. તેથી સાધુ સંસ્થા શાસનનું મહત્ત્વનું અંગ છે.

તીવ્ર આશાતાનાં ઉદયે શબ્દાદિ વિષયો પણ ઉલટા થઈ જાય છે.

મરણનો ડર સહુને, પણ જન્મનો ડર સમ્યગૃષ્ટિને.

પોતાનાં ગુણ અને બીજાનાં દુષણો સહુ જુએ, પણ પોતાનાં દોષ અને બીજાનાં ગુણ જુએ તે સમ્યગ્દૃષ્ટિ.

તારક જિનશાસનની ક્રિયાઓનાં આદરમાં સતત મન પરોવી રાખે તે સમ્યગદૃષ્ટિ.

વીતરાગ પ્રભુની આજ્ઞાને અવગણી સ્વચ્છંદ ભાવે કરાતા - ત્યાગ-તપ-સંયમ-ધ્યેયની વિકૃતિથી કાયક્લેશ બને છે.

પરમાત્મ દશાને પામવા માટેનું લક્ષ્ય પ્રત્યેક ધર્મજનોનું હોવું જરૂરી છે.

કર્મો આત્મશક્તિનાં વિકાસને સંધે છે. આટલું સ્પષ્ટ ભાન પછી કર્મને તોડવાનું લક્ષ્ય ધર્મની આરાધનામાં સહજ થઈ જાય છે.

મહાપુરૂષો જ્ઞાન દ્વારા મહામોહરૂપી દાદાને મારે છે.

તત્ત્વજ્ઞાની સાધુઓ નિર્ભયતા રૂપ કુહાડાથી ભયંકર એવા લોભને તથા રાગ બાંધવામાં જ તત્પર જેવા કામને માંકડની જેમ દાબીને મારી નાખે છે.

જબરદસ્ત ધ્યાનરૂપી અગ્નિથી શોકનાં સંયોગને બાળો કેમકે અત્યંત પ્રેમ ધરાવનાર ભયને ધીરતારૂપ બાણે કરી મહાપુરૂષો ભેદી નાંખે છે.

હાસ્ય, રતિ, દુર્ગચ્છા અને અરતિરૂપી ફોઈઓને વિવેક શક્તિથી સાધુઓ ખસેડી નાંખે છે.

કર્મનાં કુટુંબી તરીકે પાંચ ઈન્દ્રિયોને સંતોષરૂપી મોગરે કરી સાધુઓ નાશ કરે છે.

ઘાતીકર્મ અને તેનાં વિપાકોની ગભરામણ દિલને સ્પર્શે ત્યારે સમ્યક્ત્વની સ્પર્શના થાય.

જગત આખાને ભૂલી શ્રી તીર્થંકર પ્રભુની આજ્ઞાને સર્વસ્વ અર્પણ કરવાની તમન્ના સાચા જૈનનાં હૈયામાં ઘુમરતી હોય.

ફક્ત વિચાર શુદ્ધિ એ આચારશુદ્ધિ રૂપ ઘડતર વિના છાણ પર લીપણા જેવી છે.

રાજા મહારાજાપણું વિગેરે જગતમાં ગણાતી ઉત્કૃષ્ટ પદવીઓ ધર્મથી જ મળે છે.

કર્મ સત્તા નબળી કરવા ધર્મીઓએ ધર્મ અને તેનાં સાધનોનો પ્રચૂર ઉપયોગ કરવો.

દર્શન મોહ નામનું કર્મરૂપી કાળકૂટ ઝેર પીધેલા આત્માઓ હિતમાર્ગને દેખી શકતા નથી.

શાસન મર્યાદાનાં લક્ષ્ય વિનાની કરાતી ધર્મક્રિયા વર વિનાની જાન જેવી છે.

કર્મ સિવાય કોઈને પણ દુશ્મન માનવો તે મિથ્યાત્વનું ચિહ્ન છે.

કર્મક્ષયનાં ધ્યેયને કેન્દ્રમાં રાખી સઘળી પ્રવૃત્તિ કરે તે જૈન.

પરપ્રાણની પીડાનાં રક્ષણ માટે બોલાતું જુઠું તે જુઠું નથી પણ સત્ય છે.

હું વ્રત લઈશ તો ભાંગી જશે તો આવા વિચારથી વ્રત નિયમ ન લેવાં એવી માન્યતાવાળા જીવો ધર્મની ભૂમિકા પામી શકતા નથી.

પોતાની ભૂલોનું ભાન થવું એ ખરેખર સમ્યકજ્ઞાનનું મધુર ફળ છે.

સંસાર કેમ છેદાય ?
વિષય-કષાયનો ત્યાગ, જૈન ધર્મ પર શુભ રાગ, જૈન શાસનનો દૃઢ પક્ષપાત.

સંસારનાં પ્રાણીઓને સ્વપ્ને પણ સુખનો અનુભવ નથી.

ડહાપણ - હવે શું કરવું તે જાણે છે
હોંશિયારી - શી રીતે કરવું તે જાણે છે.
સદ્ગુણ - શું ન કરવું તે જાણે છે.

શ્રી તીર્થંકર દેવોની આજ્ઞાનાં પાલન માટે તત્પર પ્રાણી સંસારનાં કર્મોથી મુક્ત થાય છે. સંપૂર્ણ આત્મ સંયમ પૂર્વક પાપકાર્યનો સર્વથા ત્યાગ કરવો તે ખરૂં મુનિપણું છે.

ACHARYA SRI KAILASSAGARSURI GYANMANDIR
Koba ... 382 009
Phone : (079) ...

લોક પ્રવાહમાં ખેંચાવું નહિ.

અવસરની કિંમત જાણે ને પંડિત.

પારકી નિંદા કરવી નહિં. પોતાની
કદી પણ પ્રશંસા કરવી નહિ.
સમભાવ સદા જાળવી
રાખવી એજ ખરેખર જ્ઞાનનું રહસ્ય
છે.

બહારનાં સંયોગોને આપણી રૂચીને અનુકુળ કરવાના પ્રયત્નોને બદલે મનને ચાલુ પરિસ્થિતિને અનુકુળ બનાવી લેવું તે સુખશાંતિ મેળવવાની સફળ ચાવી છે.

જ્યાં સુધી આયુષ્ય થોડું બાકી છે. શરીર નિરોગી છે. અને ઉદ્યમની અનુકૂળતા છે ત્યાં સુધીમાં ચેત ! ચેત ! ચેત ! આત્મહિત કરીલે.

જે આત્માઓ સંયમ પાળે છે તેઓ જ ખરેખર પરિગ્રહાદિથી મુક્ત છે.

સાચો વીર કોણ ?
જે ધર્મનાં અનુષ્ઠાનોથી કંટાળે નહિ તે ખરો વીર છે.

જે સાંસારિક આશક્તિવાળા સંબંધને છોડે છે તેજ ખરો વીર છે.

શાસ્ત્ર એટલે ? અસંયમ, સ્વચ્છંદતા વિગેરેમાંથી જે બચાવે અને કુકર્મમાંથી આત્માનું રક્ષણ કરે તેને પંડિત પુરૂષો શાસ્ત્ર કહે છે.

દુઃખોને સહન કરવું તે સજ્જનતા છે.

મૃત્યુ આવે ત્યાં સુધીની જે આરાધના રહે તેજ આરાધના ધર્મવાળી ગણાય.

પુદ્ગલની ખાતર ડૉક્ટર કહે તેમ ખાવા, પીવા, સુવા, બેસવા તૈયાર છીએ પણ આત્માને માટે કહેનાર ભાવ ડૉક્ટર તીર્થંકર મહારાજાનાં કથન પ્રમાણે વર્તવા તૈયાર નથી.

બહુવેલ, સંદિસાહું, બહુવેલ કરશું ? આ સૂત્ર ડૉક્ટરમાં અનુસરીએ તો પણ આત્મા માટે તે સૂત્રનું પાલન થતું નથી.

ગુણોનો આદર-રાગ ગુણોની વૃદ્ધિ માટે થાય છે.

ગાઢ બાંધેલા કર્મોનાં પર્વતને તોડવા કષાયની વાસનાનો નિગ્રહ એટલે કે શમ એ વજ્ર નું કામ કરે છે.

ધર્મનાં પરિણામ દાવાનળની જેમ પાપરૂપ લાકડાંને બાળી નાખે છે.

ઈન્દ્રિયો વિષયોને અનુકુળ રહેવું તે સંસાર અને તેનો કંટ્રોલ કરી પ્રતિકુળ ચાલવું તે તેમાંથી છૂટવાના ઉપાય છે.

જૈન શાસનનો સિદ્ધાંત એ છે કે કર્મનાં ઉદયને કાપવો અને ઉદયમાં થાવેલું કર્મ ન કપાય તો સમભાવે સહન કરવું.

આત્માની આબાદી કે આઝાદી માટે દુનિયાને જૈન ધર્મ સ્વીકારવો જ પડે.

જૈન ધર્મની દરેક ક્રિયાઓ મોક્ષ માટે જ છે.

મોક્ષ મેળવવા માટે બે ઘડીનું ધ્યાન આવશ્યક છે.

વડીલોનો ઉપાલંભ આદિ આનંદ પૂર્વક સહન કરવા એ ઉત્તમ પુરૂષોનું કામ છે.

જૈન દર્શનમાં કર્મની પરંપરા તોડવી અને મોક્ષ મેળવવો એજ એક લક્ષ્ય છે.

આયુષ્ય પૂર્ણ થયું નથી તેનું મરણ નથી તેમજ આયુષ્ય વગરનાનું જીવન નથી.

જગત તારૂં નથી અને તું જગતનો નથી.

દુઃખોને સહન કરવું તે સાધુની સજ્જનતા છે.

કષ્ટવાળો ધર્મ ઉત્તમ ગણાય છે.

નિસ્પૃહપણું દરેક જગ્યા ઉપર સુખને માટે થાય છે.

રાગનો ત્યાગી હોય તે દેવ,
સંગના ત્યાગી હોય તે ગુરૂ,
આશક્તિ મમતાનો ત્યાગી તે સમકૃત્વી
અને શરીરનો ત્યાગ કરે તે શાશ્વતપદ છે.

ઈન્દ્રિયોનાં વિષયોને વશ બની તૃષ્ણાને આધીન અજ્ઞાની પ્રાણી મમત્વથી તે તે પૌદ્ગલિક સાધનોની જંજાળમાં પડે છે જ્યાં સુધી આવો પુદ્ગલ પ્રેમ રહે છે ત્યાં સુધી સંસારમાં ભટકે છે.

બે ઘડી પહેલાંનો મિથાત્વી આત્મા તે બે ઘડીમાં સમ્યક્ત્વ પામીને શ્રેણી માંડીને. અંતકૃત કેવળી થઈને મોક્ષે જાય.

રાગ વિગેરે દુશ્મનોની સાચી ઓળખાણ હૈયામાં થઈ ત્યારે કહેવાય જ્યારે શુભ પ્રકૃતિ પુણ્યનાં ઉદયે મળનારી ભૌતિક સુખ સામગ્રીની વિપુલતા અંતરમાં ડંખ્યા કરે.

પરમાત્માની આજ્ઞા શિરોધાર્ય કરી દરેક પ્રવૃત્તિમાં જયણાપૂર્વક પ્રવર્તવું તે જિનશાસનનો પાયો છે.

પાપોમાંથી સર્વથા પાછા ફરવા રૂપે અંતરની લાગણીઓનું ઘડતર કરવા માટે વીતરાગ પ્રભુની દ્રવ્ય પૂજા છે એ વાત શ્રાવકોએ ભૂલવા જેવી નથી.

ભાવદયાનાં લક્ષ્ય વિના દ્રવ્યદયા અંતરનાં વિવેક વિનાની પ્રવૃત્તિ જન્માવીને પરંપરાએ કર્મનાં બંધનો વધારનારી થાય છે.

ગુણાનુંરાગ દૃષ્ટિ સમ્યક્ત્વ મહેલનાં દ્વાર ખોલવા માટેની મુખ્ય ચાવી છે.

દુષ્કૃત ગર્હાના ભાવની પ્રબળતાએ અંતરનાં મોહને ઘટાડી શકાય છે.

જે ઈન્દ્રિયોનાં વિષયોમાં આસક્ત હોય તે પોતાને કષાય વિજેતા માનીલે તો તે અવિશ્વસનીય અને ક્યારેક ધૂર્ત પણ હોઈ શકે.

પૌદ્ગલિક ભાવોનો મોહ ઘટે અનાદિકાળની લઉં લઉંની વૃત્તિનાં બદલે દઉં દઉંની વૃત્તિ જન્મે એટલે ધર્મ અંતરમાં પરિણમ્યો જાણવો.

વિરતિ-સંયમનાં અર્થીપણા વગરનું જ્ઞાન અજ્ઞાન છે.

સુકૃતની અનુમોદના રૂપ પાણીથી સિંચાયેલ પુણ્યનું બીજ વધે છે.

સંસારની અસારતાનો સચોટ ખ્યાલ આપી સાધુપણાંનાં મહત્ત્વને સમજાવે તે સાચો સાધુ છે.

છદ્માસ્થતા ભૂલનું કારણ છે પણ ઉપયોગ વગર શાસ્ત્ર વિરૂદ્ધ બોલાઈ જાય તો પણ ગુરૂ નિશ્રાયે ઉપયોગની જાગૃતિથી સુધરવાની તક રહે છે.

આત્મ શક્તિનો વિકાસ થયો ત્યારે કહેવાય કે જ્યારે પૌદ્‌ગલિક પદાર્થો ઉપર મમત્વ ઘટે.

સાચી દૃષ્ટિ જેને મળી હોય તે ક્યારેય જ્ઞાનીઓની નિશ્રાથી દૂર ન રહે.

સમ્યગ્દર્શન પામેલ વ્યક્તિને જન્મનો ભય હોય છે.

ધર્મની શુદ્ધિ આજ્ઞા ઉપર આધારિત હોય છે. માત્ર પરિણામોની શુદ્ધિથી ધર્મની શુદ્ધિ હોતી નથી.

આજ્ઞા એટલે વીતરાગ પ્રભુની મર્યાદાને નિભાવવાની તત્પરતા.

સમ્યક્ત્વ પામ્યા પછી આરાધક ભાવનાની જાળવણી રાખવામાં આવે તો વધુમાં વધુ સાત કે આઠ ભવોમાં મોક્ષ થાય જ.

પાપની ભયંકરતા વાસનામાં, માન્યતામાં અને સંસ્કારમાં છે. સર્વ પાપનું જડ મમત્વ ભાવ છે.

નિકાચિત કર્મરૂપી પર્વતને ભેદવામાં સમતા એ વજ્ર માન છે.

ક્ષય નહિ પામેલું પાપ અવશ્ય ભોગવવું પડે છે.

ભવિષ્યમાં થવાવાળું દુઃખ ચિંતનથી જતું નથી.

હે પ્રાણી ! જો તારા આત્માનું કાર્ય કરવામાં તારૂં મન હોય તો દુઃખનો સમૂહ સામે આવેલો તું તેને સહન કર.

જૈન માત્રનું ધ્યેય કર્મક્ષયનું જ હોય.

આત્માની આઝાદી અને આબાદી માટે જૈન ધર્મ દુનિયાને આવશ્ય જરૂરી છે.

આત્મા એક સરખો સાધ્યમાં તલ્લીન બને તો અંત મુહૂર્તમાં મિથ્યાત્વ છતે મોક્ષમાં જઈ શકે છે.

દુનિયામાં સભાને શોભાવનારા ઘણા છે પણ સાચી લાગણીવાળા ઓછા છે.

પાપનું તંત્ર પુણ્યનાં કાર ભારથી ચાલે છે.

કર્મ રાજાનો મોહ અધિકારી પાંચમી કતારનો મુખ સાભ્ય છે હતું રૂપ-રંગ કરીને જીવને પાછો પાડવો એજ એનું કામ છે.

પાપને હટાવવામાં પુણ્ય મદદગાર છે. પુણ્યને પડખે લીધું પછી પાપ કદી નુકશાન ન કરે.

બાહ્ય વિશુદ્ધ આલંબન વગર વિશુદ્ધ આત્માનાં પરિણામો આપમેળે જગતમાં ઉત્પન્ન થતા નથી.

જ્ઞાન વિજળીનાં ચમકારા જેવું છે ભાવના પણ પરિવર્તન શીલ છે તે માટે પ્રશસ્ત આલંબનોની જરૂર છે.

જિન શાસનની આરાધના માટે
(૧) ગુરૂનિશ્રા અને
(૨) વિધિપૂર્વક આ બે વસ્તુ ખૂબજ જરૂરી છે.

પાપનો ભય હૈયામાં સતત જાગતો રહેતો સમ્યક્ત્વ ટકે.

યોગ્ય જ્ઞાની ગુરૂની નિશ્રામાં વિધિપૂર્વક ધર્મનું આરાધન કરવાની તાલાવેલી તે સમ્યક્ત્વની નિશાની છે.

પાપનાં ડર સાથે સમ્યકૃત્વ સંકળાયું છે. એ વાત સાપેક્ષ રીતે ધ્યાનમાં લેવાથી પૌદ્ગલિક આશક્તિ ઘટે છે.

વિનય-વિવેકપૂર્વક ધર્મની આરાધના કરનાર મમુક્ષુ કર્મોનાં બંધન જલ્દી દૂર કરી શકે છે.

ધર્મક્રિયાની ઉપેક્ષા, અનાદર કે અબહુમાનની વૃત્તિ ભવાંતરમાં ઉચિત ધર્મ સામગ્રીની પ્રાપ્તિમાં અંતરાય રૂપ બને છે.

સંસ્કારોની પકડ ઢીલી થયા વિના ધર્મની ક્રિયા રૂચે નહિં.

ભવ ભ્રમણનો ભય હૈયામાં પ્રબળ બને ત્યારે ધર્મની આરાધનામાં રસ આવે.

આગમ તેજ કે જે ગૂઢ અર્થનાં રહસ્યોને પ્રગટ કરે છે.



KENDRA
382 009

વૈરાગ્યનાં બળે આર્તધ્યાન ઘટાડવું.

ભાવદયાનો ઝરો જેનામાં વહેતો રહે તે સમ્યગ્દષ્ટિ.

ઉચ્ચકોટિનો દેવભવ પણ આત્મશક્તિનાં વિકાસ દષ્ટિએ લગભગ નકામો છે.

જેના હૈયામાં ભવનો ભય જાગે તેને શ્રી અરિહંત પરમાત્મા પ્રતિ અહોભાવ જાગ્યા વિના રહેજ નહિં.

મૈત્રી ભાવનાનાં ત્રણ પગથીયા છે.

(૧) કોઈપણ પાપ ન કરો.

(૨) કોઈપણ દુઃખી ન થાઓ.

(૩) અને દરેક ચિદાનંદ સ્વરૂપવાળા થાઓ.

સંયોગ-વિયોગ સઘળાં દુઃખોનું મૂળ છે.

લાંબાકાળ સુધી આત્મહિતમાં પ્રવર્તન તે ગુરૂતત્વને આધારે છે; ગુરૂતત્વનાં વિચ્છેદની સાથે ધર્મતત્ત્વનો વિચ્છેદ થશે.

જિનમતની પ્રતિષ્ઠા કરે તે સાધુ.

કેવળ મોક્ષની સાધના કરે તે સાધુ.

અરિહંતોની આજ્ઞાનું પાલન કરે તે સાધુ.

સર્વ શુભ યોગોને સાધે તે સાધુ.

સર્વ પાપથી બચે-બચાવે તે સાધુ.

સામાયિક ચારિત્રરૂપ ગુણવાળા હોય તે સાધુ.

સ્વાર્થ સાથે પરાર્થ સાધે તે સાધુ.

સમતાને ધારણ કરે તે સાધુ.

પોતાનું સુધાર્યા વગર પારકું સુધારવા માટેની મહેનત વ્યર્થ છે.

દર્શનમોહ નામનું કર્મરૂપી કાળકૂટ ઝેર પીધેલ આત્મા સત્યમાર્ગ દેખી શકતો નથી.

કર્મ શત્રુઓનાં સંહાર માટે ધર્મીઓએ ધર્મ અને ધર્મનાં સાધનોનો સત્વર ઉપયોગ કરવો.

સમ્યક્ત્વ પહેલાં પામેલ હોય તેનાં કરતાં નવો સમ્યક્ત્વ પામે તે વખતે કર્મ ઉપર સખ્ત દ્વેષ હોય છે.

સાડાત્રણ કરોડ રૂંવાટમાં રૂંવાટે રૂંવાટે આત્માને થાય કે કર્મને ફાડી નાંખુ ચીરીનાંખુ ત્યારે જે નિર્જરા થાય તેને શાસ્ત્રકારો અનંત કર્મની નિર્જરા કહે છે.

કર્મની નિર્જરા કર્મનો ક્ષય એજ લક્ષ્યથી ધર્મની પ્રવૃતિ કરવી.

આગમનાં અત્યંત આદર વગર ત્રણ તત્ત્વની આરાધના અખંડ રહી શકતી નથી.

દૃશ્ય અને અદૃશ્ય, રૂપી અને અરૂપી, સૂક્ષ્મ અને બાદર, નજીક અને દૂર, ભૂત, વર્તમાન, જાણવા માટે સર્વજ્ઞનાં કથનને હર દમ સાંભળનારા પ્રતિભા સંપન્ન શાળી એવા ગણધર ભ. રચેલ આગમ તરફ નજર કરો.

દુષમકાળનાં દોષે કરીને દૂષિત થયેલ અમારા જેવા જીવોને જિનાગમ ન હોત તો શું થાત ?

શાસ્ત્રોનું વિદ્યમાનપણું હોવાથી અમે સનાથ છીએ.

આગમનાં અત્યંત આદર વગર ત્રણ તત્વની આરાધના અખંડ રહી શકતી નથી.

તીર્થંકર, કેવળી, ગણધર અને વિશિષ્ટ જ્ઞાનીઓનાં વિરહ કાળમાં વીરવચન અવલંબન ભૂત છે.

ગુરૂત્વનાં વિચ્છેદની સાથે ધર્મતત્વનો વિચ્છેદ થશે.

રાજીનામું આપી રાજી થાઓ. નહિં તો રજા પામી સંસારમાં રડવું પડશે.

નિગ્રંથ સાધુઓની ગેરહાજરીમાં ધર્મનો ધ્વંસ થાય છે.

પાંચમાં આરાના છેડે સાધુનો વિચ્છેદ થશે તેજ દિવસે તીર્થનો વિચ્છેદ થશે માટે શ્રમણોપાસક શબ્દને સફળ કરતાં શીખો.

શ્રમણોપાસકપણું મહાવ્રતધર મુનિઓ વગર સફળ થતું નથી.

મોક્ષનો ઉદ્દેશ મૂકીને અલૌકિક ઉદ્દેશ કરનારને પ્રભુ શાસનમાં સાચું સાધુપણું હોતું નથી.

વેશ વગરનાં કેવળજ્ઞાનીઓ વંદનથી કેવળજ્ઞાન થયા છતાં પણ શાસનને દ્રવ્ય વેષની પ્રધાનતા છે.

વકીલ, ડૉક્ટર, બેરિસ્ટરો પોતાનાં ધંધાની જાહેરાત માટે ઠામ ઠામ બોર્ડ લગાવે છે. તેવી રીતે સાધુનો વેશ એ ધર્મ ધંધાની જાહેરાત છે.

આત્માનું ખરૂં ધન ધર્મ છે. માટે ધર્મ ધનની સલાહ માટે સાધુ પાસે જાઓ.

મસ્તક ઉપર હાથ ફેરવતાં સાતમી નરકમાં દળીયા ખસેડવાની તત્કાળ સાધુ આચારથી છે કે જે સાધુ વેશની સર્વોત્કૃષ્ટતા જગતભરનાં બીજા કોઈ વેશમાં નથી.

પ્રશંસાનાં પવનમાં પામર આત્માઓ અધઃ પતન કરે છે.

ધર્મની દેવલોક જેટલી જ કિંમત કરનારા મિથાત્વી છે.

ચૌદ રાજલોકમાં સર્વકાળ માટે અભયદાન દેનારી દીક્ષા જ છે.

પ્રત્યાખાન (પચ્ચકખાણ) છતાં પ્રત્યાખ્યાન વિરૂદ્ધ ઈચ્છાથી કરેલ ધર્મ દેવલોક આપે છે. જેમ અભવ્યોની ચર્યા.

મુનિ વેશ સાથે મનઃપર્યવજ્ઞાન વિવાહિત બનેલું છે.

ખિસ્સામાંથી સરી પડેલો હીરાનો નેકલેસ ભલે શત્રુ બતાવે તો પણ લેવોજ રહે છે. એમ સમજી હિતનાં ગ્રાહક બનો.

આત્માને ઓળખ્યો તેણે સારા જગતને સારા સાર પણે ઓળખેલ જ છે.

ધર્મ એવા અક્ષરો સ્વપ્નમાં પણ ન સંભળાય તેવા ક્ષેત્રો અનાર્ય ગણાય છે.

સ્વયંભૂરમણ સમુદ્રમાં ગયેલી ચીજ કદાચ હાથ લાગે પણ સંસાર સમુદ્રમાં ખોવાયેલી ચીજ હાથ લાગવી મુશ્કેલ છે.

જગતમાં એવી કોઈ ચીજ જે નવપદનાં વિષયથી બહાર હોય.

આરાધવા લાયક સ્થાનો સિદ્ધચક્રમાં છે.

નવપદનાં નવદિવસોએ ધર્મ વૃષ્ટિનો વિશિષ્ટ કાળ છે.

નવપદ નવદિવસ માટે નથી પણ નિરંતર સંસ્કાર બન્યો રહેવો જોઈએ તે માટે છે.

જ્યાં સુધી ભોગનું ભયંકરતા હૃદયમાં વસતી નથી ત્યાં સુધી તીર્થંકર પ્રણિત તત્વની તાલાવેલી લાગતી નથી.

ભોગિ (સર્પ) વિષય વ્યાપી છે જ્યારે ભોગી મનુષ્ય વિષયથી વ્યાપી છે.

વિષ - એક જીંદગીને ખરાબ કરે જ્યારે વિષય અનેકાનેક જીંદગીઓને વ્યર્થ બનાવે છે.

એકલું સમ્યક્ત્વ પણ ભયંકર ભવ દાવાનલને લાવી શકે છે.

પુરાણા પુદ્‌ગલ પચાવવાં અને નવીન પુદ્‌ગલો લેવા આ મંજુરી અનાદીની છે.

દહેરા અને ઉપાશ્રય માટે નહિં પણ આત્માને માટે જ અરિહંત છે.


નવકાર મંત્રની શાધતાનું કારણ નડે એજ કે એના પદો જાતિવાચક છે.

રજા પામી (આડાપગે) નીકળનારાઓને લોકો "કાઢો" "કાઢો" કહે છે, જ્યારે ઉભા પગે (રાજીનામા પુર્વક) જનારાઓને "રહો" "રહો" કહે છે. તે ભૂલવા જેવું નથી.

દોસ્ત થઈ દુશ્મનની ગરજ સારનાર આ શરીર સિવાય બીજું કોણ છે ?

મોક્ષાર્થી સિવાય સાચા સુખનો અર્થી જગતભરમાં કોઈ નથી.

# षड् चक् – बन्धि काव्यम् (आर्यागीतिः)



**શ્લોક :**

सूर्यपूर - सार्थ वाहकं।
मर्त्यध्येयं सातत्यं वन्दे॥
समयरसा स्वाद - लीनं,
सूरिदेवानन्दकंध्रिमर्कसमम्।

**અર્થ :**

-સુરત નગરનાં સાર્થવાહ સમ તથા મનુષ્યોને દયા ન કરવા યોગ્ય અને આગમ રૂપી રસનાં પાનમાં લીન એવા સૂર્ય સમાન આનંદ સાગર સૂરિશ્વરજીને સતત હું વંદન કરૂં છું.


-ઉપરનાં ચિત્ર કાવ્યમાં "**सा**" શબ્દ ત્રણ વખતલઈને પાદ પૂર્તિ કરી છે. અર્થ દરેકનાં અલગ અલગ નીકળે છે અને છેલ્લા પદે ત્રણ પાદ પૂર્તિનાં પ્રથમ અક્ષર બીજી વખત લઈને ચોથાથી પાદ પૂર્તિ રચી છે.

શ્લોક : (सुत्रधर । वृत्तम)


विद्धत्थाधम्मिकुंजं पवइयइभजं
वीर सिद्धन्त-गुंजं ।
जायं कप्पड्डवंजं णयबुहमणुजं
नष्ठकम्मारि-गंजं ॥
सूरव्वब्बम्हतेजं, गुरुवर-विरजं,
वायणाए महोजं,
सूरानन्दाम्बोहिं जं, धुयदुकयरजं
वन्दिमो शान्तपुंजं ॥

**અર્થ:-** જેને અધર્મીરૂપ કુંજડાઓને પરાસ્ત કર્યા છે તેવાં તથા અનેક શ્રેષ્ઠિપુત્રો જેની પાસે દીક્ષા લીધી છે, તેવા તેમજ શ્રી વીર પ્રભુના આગમોને પ્રસિદ્ધ કરાવનાર ગુંજારવનાર, જે કપડવંજ ગામમાં જન્મ્યા છે, તથા અનેક પંડિતો અને મનુષ્યો જેને નમેલા છે, તેવા સૂર્ય જેવું જેનું બ્રહ્મચર્યનું તેજ છે, તથા રાગરહિત એવા જે ગુરુવર છે તેમજ જેની વાચના મહા પ્રભાવશાળી છે. જેને દુષ્કૃત રૂપરજ ખંખેરી નાખી છે. એવા તથા શાંતિનાં જાણે પુંજ ન હોય તેવા શ્રી આનંદ સાગર સૂરિશ્વરને અમો વંદન કરીએ છીએ.

(द्वादशार - कमल - बन्धि काव्यं)



(આ કાવ્યમાં વચ્ચેનો અક્ષર "जं" ૧૨ વખત આવે છે.)



સૌજન્ય

શ્રી મનસુખભાઈ દલીચંદ વસા-રાજકોટ.
શ્રી ભોગીલાલ હંસરાજ શાહ-વેરાવળ.
સપરિવાર

# શ્રી નવકાર શરણં પ્રકાશન
# દ્વારા
# પ્રકાશિત શ્રેણી

## લેખક
## મુનિશ્રી જયચંદ્ર સાગર મ. સા.

| | |
|---|---|
| ૧. ચાલો ઉવસગ્ગહરં ગણીએ | - ૪૦/- |
| ૨. ચાલો સમક્તિ વરીએ | - ૭૨/- |
| ૩. ચાલો ગુરૂવંદન કરીએ | - નિઃશુલ્ક |
| ૪. ચાલો ૧૨ વ્રત ધરીએ | - નિઃશુલ્ક |


પ્રાપિ
જયેન્દ્રભ
C/O. સ્વીટ
મદનગોપાલ હવેલી રોડ,
માણેક ચોક, અમદાવાદ-૧.
ફોન : (ઘર) ૭૫૦૧૩૧૩, (ઓ.) ૨૧૪૪૬૨૧